# <u>ડી.એન.પી.  આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,ડીસા</u>

## B.A Sem-6

## અર્થશાસ્ત્ર

## પેપર-6: CC-606 :  સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર

## MCQ

- પ્રો. સુનિતા એલ. ઠક્કર

---

૧. નીચેનામાંથી વ્યાજનો કયો સિધ્ધાંત પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવ્યો છે?

A. સમય પસંદગી નો સિધ્ધાંત

B. આત્મસંયમનો સિધ્ધાંત

C. મૂડી ની માંગ અને પુરવઠાનો સિધ્ધાંત

**D. ઉપરોક્ત બધા**

૨. કયા અર્થશાસ્ત્રીએ વ્યાજનો આત્મસંયમનો સિધ્ધાંત રજૂ કર્યો?

A. પ્રો.માર્શલ

B. પ્રો.રિકાર્ડો

C. પ્રો.વોલરસ

**D. પ્રો.સિનિયર**

૩.નીચે પૈકી વ્યાજનો કયો સિધ્ધાંત કેઈન્સ દ્વારા આપવામાં આવ્યો નથી?

A. સમય પસંદગી નો સિધ્ધાંત

B. આત્મસંયમનો સિધ્ધાંત

C. મૂડી ની માંગ અને પુરવઠાનો સિધ્ધાંત

**D. ઉપરોક્ત બધા**

૪. વ્યાજનો સમય પસંદગી નો સિધ્ધાંત કોણે રજૂ કર્યો?

**A. પ્રો. ફિશર**

B. પ્રો. માર્શલ

C. પ્રો. બોહમ બવર્ક

D. પ્રો.સિનિયર

૫. મૂડી ની માંગ અને પુરવઠાનો વ્યાજનો  સિધ્ધાંત કયા અર્થશાસ્ત્રી એ આપ્યો?

A. પ્રો. ટોસિંગ

B. પ્રો. રિકાર્ડો

C. પ્રો. વોલરસ

**D. ઉપરોક્ત બધા**

૬. મૂડીની માંગને સૌથી વધુ ક્યું પરિબળ અસર કરે છે?

A. આવકમાં થતા ફેરફારો

B. નાણાના પુરવઠામાં થતા ફેરફારો

**C. વ્યાજદરમાં થતા ફેરફારો**

D. બચતમાં થતા ફેરફારો

૭. વ્યાજદરમાં વધારો થાય તો લોકો શું કરવા પ્રેરાય છે?

**A. વધુ બચત**

B. ઓછી બચત

C. વધુ આવક મેળવવા

D. વધુ ખર્ચ કરવા

૮. વ્યાજનો કયો સિધ્ધાંત “માનસ શાસ્ત્રીય” સિધ્ધાંત તરીકે ઓળખાય છે?

**A. સમય પસંદગી નો સિધ્ધાંત**

B. આત્મસંયમનો સિધ્ધાંત

C. મૂડી ની માંગ અને પુરવઠાનો સિધ્ધાંત

D. ધિરાણ ભંડોળનો સિધ્ધાંત

૯.લોકો પોતાની ભાવિ જરૂરિયાતોને વર્તમાન જરૂરીયાતોની તુલનાએ કેટલી મહત્વની ગણે છે?

A. સરખી મહત્વની

**B. ઓછી મહત્વની**

C. સમકક્ષ મહત્વની

D. વધુ મહત્વની

૧૦. કેઈન્સના મતે વ્યાજ દર નક્કી કરવામાં ____________પરિબળો મહત્વનો ભાગ ભજવે છે.

**A. નાણાંકીય**

B. વાસ્તવિક

C. બિનનાણાંકીય

D. આર્થિક

૧૧. "મૂડીની અછત તથા તેનો વૈકલ્પિક ઉપયોગ જ વ્યાજ માટે કારણભૂતછે."—આ વિધાન કયા અર્થશાસ્ત્રી નું છે?

A. પ્રો. નાઈટ

B. પ્રો. ટોસિંગ

C. પ્રો. વોલરસ

**D. પ્રો. ગુપ્તા**

૧૨. વ્યાજના સમતુલાના દર ને બીજા કયા નામે ઓળખવામાં આવે છે?

A. ચલિત દર

**B. સ્થિર દર**

C. અચલિત દર

D. અસ્થિર દર

૧૩.પૂર્ણ હરીફાઈમાં વ્યાજનો દર નક્કી કરવામાં કયું પરિબળ મહત્વનો ભાગ ભજવે છે?

A. આવક

B. મૂડીની માંગ

C. મૂડીનો પુરવઠો

**D. બચત અને મૂડી રોકાણ**

૧૪. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મતે વ્યાજ દર નક્કી કરવામાં કયા પરિબળો મહત્વ ની ભૂમિકા ભજવે છે?

A. નાણાંકીય

B. આર્થિક

**C. બિનનાણાંકીય**

D. રાજકોષીય

૧૫. જો વ્યાજ દર વધે તો મૂડીની માંગ ___________.

A. વધે

**B. ઘટે**

C. સ્થિર રહે

D. ખૂબ વધે

૧૬. મૂડીની માંગ રેખાનો ઢાળ _________________હોય છે.

**A. ઋણ ઢાળ**

B. ધન ઢાળ

C. ox ધરી ને સમાંતર

D. oy ધરી ને સમાંતર

૧૭. કયા અર્થશાસ્ત્રી ના મતે લાંબાગાળે સમય પસંદગીનો દર અને વ્યાજનો દર સરખા થઈ રહે છે.

A. પ્રો. માર્શલ

**B. પ્રો. ફિશર**

C. પ્રો. નાઈટ

D. પ્રો. કેઈન્સ

૧૮. કયા સિધ્ધાંત માં વ્યાજને બચતના બદલા તરીકે ગણવામાં આવે છે?

A. રોકડ પસંદગીના

B. ધિરાણ ભંડોળના

**C. પ્રશિષ્ટ સિધ્ધાંત**

D. આત્મસંયમના

૧૯. _____________વ્યાજ દર ને Natural rate of interest તરીકે ઓળખાવે છે.

**A. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ**

B. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ

C. કેઈન્સિયન અર્થશાસ્ત્રીઓ

D. આધુનિક અર્થશાસ્ત્રીઓ

૨૦.________________ અર્થશાસ્ત્રીઓ વ્યાજ ને નાણાંકીય ઘટના તરીકે માને છે.

A. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ

B. નવપ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ

**C. કેઈન્સિયન અર્થશાસ્ત્રીઓ**

D. આધુનિક અર્થશાસ્ત્રીઓ

૨૧.વ્યાજનો રોકડ પસંદગીનો સિધ્ધાંત કોણે આપ્યો?

A. પ્રો. માર્શલ

**B. પ્રો. કેઈન્સ**

C. પ્રો. મિલ

D. પ્રો. સિનિયર

૨૨. "બચતને વ્યાજ સાથે નહીં, પરંતુ આવક સાથે સીધો સંબંધ છે."- આ વિધાન કયા અર્થશાસ્ત્રીનું છે?

A. પ્રો. રિકાર્ડો

B. પ્રો. પીગુ

**C. પ્રો. કેઈન્સ**

D. પ્રો. વોલરસ

૨૩.નાણાંને રોકડ સ્વરૂપમાં પોતાના હાથ પર રાખવાની વૃત્તિને __________કેહવામાં આવે છે.

A. મૂડી પસંદગી

**B. તરલતા પસંદગી**

C. સટ્ટાકીય પસંદગી

D. માંગ પસંદગી

૨૪. રોકડ પસંદગી અને વ્યાજ દર વચ્ચે કેવો સંબંધ જોવા મળે છે?

**A. સીધો**

B. વ્યસ્ત

C. સપ્રમાણ

D. એક પણ નહિ

૨૫. કેઈન્સ ના મતે લોકો રોકડ નાણાની પસંદગી કયા હેતુ માટે કરે છે?

A. સાવચેતી

B. સટ્ટાકીય

C. વિનિમય

**D. ઉપરોક્ત બધા**

૨૬. વ્યાજના રોકડ પસંદગીના સિધ્ધાંત મુજબ નાણાની પુરવઠા રેખા કેવી હોય છે?

A. ડાબીથી જમણી બાજુ તરફ જતી

B. જમણીથી ડાબી બાજુ તરફ જતી

C. ox ધરીને સમાંતર

**D. oy ધરીને સમાંતર**

૨૭. વ્યાજ દર અને કુલ ધિરાણપાત્ર ભંડોળની માંગ વચ્ચે કેવો સંબંધ જોવા મળે છે?

**A. વ્યસ્ત**

B. સીધો

C. સમાન

D. પ્રત્યક્ષ

૨૮. શૂન્ય વ્યાજના દરે ધિરાણપાત્ર ભંડોળનો પુરવઠો કેટલો હોય છે?

A. શૂન્ય બરાબર

B. ખૂબ વધારે

**C. કેટલોક**

D. એક પણ નહિ

૨૯. . શૂન્ય વ્યાજના દરે ધિરાણપાત્ર ભંડોળના પુરવઠાની રેખા કઈ તરફ જતી જોવા મળે છે?

A. ઉપરથી નીચે તરફ

B. નીચેથી ઉપર તરફ

C. લંબ ધરીને સમાંતર

**D. પાયાની રેખાની નીચે તરફ જતી**

૩૦. પ્રો. હેનરી હેઝલીટના મત મુજબ વ્યાજના દર ને નક્કી કરવામાં કયા પરિબળો મહત્વનો ભાગ ભજવે છે?

A. નાણાંકીય

B. બિનનાણાંકીય

C. વાસ્તવિક

**D. વાસ્તવિક અને નાણાંકીય બંને પરિબળો**

૩૧. કેઈન્સ ના મત મુજબ વ્યાપાર ચક્ર એ ____________ વ્યાપાર અને ______________ વ્યાપાર એમ બે ગાળાઓ નું બનેલું હોય છે.

**A. ખીલતો, ભાંગતો**

B. ચાલતો, દોડતો

C. વધતા, ઘટતા

D. એક પણ નહિ

૩૨. ખીલતા વ્યાપાર ના ગાળા માં ઉત્પાદન _____________ હોય છે.

**A. <u>વધતું</u>**

B. ઘટતું

C. સ્થિર

D. ઉપરોક્ત બધા જ

૩૩. ખીલતા વ્યાપાર ના ગાળા માં બેકારી નું પ્રમાણ ___________અને ભાવસપાટી __________હોય છે.

**A. ઘટતું,વધતી**

B. વધતું,ઘટતી

C. સ્થિર,વધતી

D. સ્થિર,ઘટતી

૩૪. "વ્યાપાર ચક્ર એ બધાજ મૂડીવાદી સમાજો માં વધતા-ઓછા નિયમિત ક્રમ માં આવતા આર્થિક પરિવર્તનો નો નિર્દેશ કરે છે."- આ વિધાન કયા અર્થશાસ્ત્રી નું છે?

A. કેઈન્સ

**B. પ્રો.જે.કે.મિત્રા**

C. પ્રો.જે.એ.એસ્ટે

D. પ્રો.પિગુ

૩૫. કયા અર્થશાસ્ત્રી એ વ્યાપાર ચક્ર ની સમય મર્યાદા એક કરતા વધુ વર્ષ થી માંડી ને દસબાર વર્ષ ની જણાવી છે?

A. પ્રો.જે.કે.મિત્રા

B. પ્રો.જે.એ.એસ્ટે

C. કેઈન્સ

**D. પ્રો.મિચેલ અને બર્ન્સ**

૩૬.લાંબાગાળા ના વ્યાપાર ચક્ર ની સમજુતી આપનાર અર્થશાસ્ત્રી કયા દેશ ના હતા?

A. અમેરિકા

B. ભારત

C. ઇંગ્લેન્ડ

**D. રશિયા**

૩૭.હેન્સને ઈ.સ.૧૮૩૭ થી ૧૯૩૭ ના એક સૌ વર્ષ દરમિયાન કેટલા વ્યાપાર ચક્રો નોધ્યા?

A. ૧૦

**B. ૧૨**

C. ૧૫

D. ૧૩

૩૮.વ્યાપાર ચક્રો નો સરેરાશ સમય કેટલો ગણવા માં આવે છે?

A. ૫.૫૫

B. ૬.૬૬

**C. ૮.૩૩**

D. ૭.૫૬

૩૯. આર્થીક ઉથલપાથલો ના સ્વરૂપ ની દ્રષ્ટીએ વેપાર ચક્રો કેટલા વિભાગ માં વિભાજીત કરવા માં આવ્યા છે?

A. ૫

B. ૬

C. ૩

**D. ૪**

૪૦. વ્યાપાર ચક્ર નું સાચું સ્વરૂપ કયા પ્રકાર નું હોય છે?

A. મોસમી ફેરફારો

B. લાંબા ગાળા ના વલણો

**C. ચક્રાકાર ફેરફારો**

D. આકસ્મિક કારણો

૪૧. વ્યાપાર ચક્ર માં પ્રવર્તતી તેજી અને મંદી ના તબક્કા __________ હોય છે.

**A. લાંબા**

B. ટૂંકા

C. મધ્યમ

D. એક પણ નહિ

૪૨. ઓટ અને સુધારણા ના તબક્કા ______________ હોય છે.

A. લાંબા

**B. ટૂંકા**

C. મધ્યમ

D. એક પણ નહિ

૪૩. વ્યાપાર ચક્રો ક્યા પ્રકાર ના દેશો માં વિશેષ પ્રમાણ માં જોવા મળે છે?

**A.** ખેતી પ્રધાન

**B. ઉદ્યોગ પ્રધાન**

C. A અને B

D. એક પણ નહિ

૪૪. “વ્યાપાર ચક્રો જોડિયા બાળકો નહિ પણ એક જ કુટુંબ ના સભ્યો જેવા હોય છે, કારણ કે કુટુંબ ની જેમ વર્ણવી શકાય તેવા લક્ષણો તે ધરાવે છે.” – આ વિધાન કોને આપ્યું?

A. કેઈન્સ

B. પ્રો. મિચેલ

**C. પ્રો. પિગુ**

D. પ્રો. મિત્રા

૪૫. વ્યાપાર ચક્ર માં તેજી ના તબક્કા માં થી મંદી તરફ ની ગતિ _______________ હોય છે.

A. ધીમી

**B.** **ઝડપી**

C. અચળ

D. એક પણ નહિ

૪૬. વ્યાપાર ચક્ર માં મંદી ના તબક્કા માંથી તેજી તરફ ની ગતિ _______________ હોય છે.

A. ધીમી

B. ઝડપી

C. અચળ

**D.** **ખૂબ જ મંદ**

૪૭. હોટ્રે ના વ્યાપાર ચક્ર ના સિદ્ધાંત માં કોને વિશેષ મહત્વ આપવા માં આવ્યું છે?

A. ચલણી નાણું

**B.** **બેંક નાણું**

C. સોનું

D. ચાંદી

૪૮. હોટ્રે ના મતે અર્થકારણ માં બેંકો ની ____________ નીતિ થી તેજી આવે છે.

A. શાખ સંકોચન

**B.** **શાખ સર્જન**

C. નાણાંકીય

D. આર્થિક

૪૯. હોટ્રે ના મતે અર્થકારણ માં બેંકો ની ______________ નીતિ થી મંદી આવે છે.

A. શાખ સર્જન

B. નાણાંકીય

**C.** આર્થિક

**D.** **શાખ સંકોચન**

૫૦. હોટ્રે ના મતે વ્યાપાર ચક્ર નો ગાળો કેટલા વર્ષ નો હોય છે?

A. ૫ થી ૧૦

**B.** **૭ થી ૧૧**

C. ૮ થી ૯

D. ૯ થી ૧૧

૫૧. “વ્યાપાર ચક્ર એ શુદ્ધ નાણાંકીય ઘટના છે.” – આ વિધાન કયા અર્થશાસ્ત્રી નું છે?

A. કેઈન્સ

B. સેમ્યુલસન

**C. હોટ્રે**

D. હિક્સ

૫૨. કેઈન્સ ના પુસ્તક નું નામ શું છે?

A. વેલ્થ ઓફ નેશન્સ

B. પ્રિન્સિપલ્સ ઓફ ઈકોનોમિક્સ

**C. જનરલ થિયરી**

D. વેલ્યુ એન્ડ કેપિટલ

૫૩. કેઈન્સ ના મત મુજબ વેપાર ચક્ર ઉત્પન્ન થવા નું મુખ્ય કારણ કયા ફેરફારો ને આધીન છે?

A. સીમાંત વપરાશ વૃત્તિ

B. સીમા ની બચત વૃત્તિ

**C. મૂડી ની સીમાંત ઉત્પાદકતા**

D. એક પણ નહિ

૫૪. કેન્સ ના મતે આવક, ઉત્પાદન અને રોજગારી માં કયા કારણોસર ફેરફાર થાય છે?

**A. ગુણક**

B. ગતીવર્ધન

C. A અને B

D. એક પણ નહિ

૫૫. પ્રો. હિક્સ નું પુસ્તક કયું છે?

A. જનરલ થિયરી

**B. થિયરી ઓફ ટ્રેડ સાયકલ**

C. વેલ્થ ઓફ નેશન્સ

D. પ્રિન્સિપલ્સ ઓફ ઈકોનોમિક્સ

૫૬. હિક્સ વ્યાપારચક્ર ની સમજુતી કયા પ્રકાર ના રોકાણ દ્વારા આપે છે?

A. સ્વયંભુ

B. આવક વૃદ્ધિ પ્રેરિત

**C. સ્વયંભુ અને આવક વૃદ્ધિ પ્રેરિત રોકાણ**

D. એક પણ નહિ

૫૭. હિક્સ નો વ્યાપાર ચક્ર નો ખ્યાલ કોના ખ્યાલ સાથે સંકળાયેલો છે?

A. કેઈન્સ

B. પ્રો. ક્લાર્ક

C. પ્રો. હેરોડ

**D. A, B અને C**

૫૮. હિક્સ ના વ્યાપાર ચક્ર ના ખ્યાલ માં કયા પ્રકાર ના ફેરફારો વ્યાપાર ચક્ર માટે જવાબદાર માનવા માં આવ્યા છે?

A. સ્વયંભૂ રોકાણ

**B. આવક વૃદ્ધિ પ્રેરિત રોકાણ**

C. A અને B

D. એક પણ નહિ

૫૯. હિક્સ ના વ્યાપાર ચક્ર ના ખ્યાલ માં સીમાંત વપરાશ વૃત્તિ નું મુલ્ય સમય દરમિયાન કેવું રહે છે?

A. વધતું

B. ઘટતું

**C. સ્થિર**

D. શૂન્ય

૬૦. હિક્સ ના વ્યાપાર ચક્ર ના ખ્યાલ માં ગુણક અને ગતિ વર્ધન નો આંક કેવો રહે છે?

**A. સ્થિર**

B. વધતું

C. ઘટતું

D. શૂન્ય

૬૧. વપરાશી ખર્ચ માં ફેરફાર થવા થી મૂડી રોકાણ ખર્ચ માં કેવા ફેરફારો થશે તેનો ખ્યાલ કયા સિદ્ધાંત દ્વારા આપવા માં આવે છે?

A. ગુણક

**B. ગતિ વર્ધન**

C. મૂડી ની સીમા ની કાર્ય ક્ષમતા

D. વપરાશ વૃત્તિ

૬૨. રિઝર્વ બેંકે આપેલ નાણાના પુરવઠાના ઘટકો પૈકી સૌથી વધુ તરલતા કયો ઘટક ધરાવે છે?

**A. M1**

B. M2

C. M3

D. M4

૬૩. સેમ્યુલસન નો વ્યાપાર ચક્ર નો ખ્યાલ શેના પર આધારિત છે?

A. ગુણક

B. ગતિવર્ધન

**C. ગુણક-ગતિવર્ધન**

D. એક પણ નહિ

૬૪. સેમ્યુલસન  ના વ્યપર્ચાક્ર ના સિદ્ધાંત મુજબ જો $\alpha=0.6$, $\beta=2$ તો કયા પ્રકાર ના વ્યાપાર ચક્ર જોવા મળે છે?

A. ચક્રવિહીન વિસ્તાર

B. અવમંદિત ચક્રો

**C. વિસ્ફોટક ચક્ર**

D. સ્થિર ચક્ર

૬૫. નીચે પૈકી વ્યાપાર ચક્ર ને નિયંત્રિત કરવા ના સાધનો કયા છે?

A. નાણાંકીય નીતિ

B. રાજકોષીય નીતિ

C. વહીવટી પગલા

**D. A , B અને C**

૬૬. $M_3$ એ નાણા નું કયું સ્વરૂપ છે?

A. સંકુચિત

**B. વિસ્તૃત**

C. A અને B

D. એક પણ નહિ

૬૭. સંકુચિત નાણું ___________________ છે.

A. $M_2$

**B. $M_1$**

C. $M_3$

D. $M_4$

૬૮. નાણા ની ખરીદ શક્તિ અને વસ્તુ ની કિમત વચ્ચે _____________ સંબંધ રહેલો છે.

A. સીધો

**B. વ્યસ્ત**

C. એક પણ નહિ

D. સપ્રમાણ

૬૯. સૂચક આંક નાણા ના મુલ્ય માં થતા ________________ ફેરફારો ની ગણતરી કરે છે.

A. નિરપેક્ષ

**B. સાપેક્ષ**

C. A અને B

D. એક પણ નહિ

૭૦.સૂચક આંક ની રચના વખતે કઈ બાબત નું ધ્યાન રાખવા માં આવે છે?

A. હેતુ

B. વસ્તુઓ ના ભાવો

C. વસ્તુઓ ની પસંદગી

**D. ઉપરોક્ત બધા**